| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૨૯/૦૭/૨૦૨૧ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૩૬૮/૨૦૨૧**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૦૭/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૪ | ૦ | ૧૧૬૩૪ | ૧૭૭૪૫ | ૦ | ૧૭૭૪૫ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૭ | ૦ | ૬૨૬૭ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૨ | ૦ | ૧૦૨ | ૩૫૨ | ૦ | ૩૫૨ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૬૦૮૬ | ૧૦૨ | ૬૬૧૮૮ | ૬૬૭૯૮ | ૧૦૬ | ૬૬૯૦૪ |
| | કુલ | ૮૨૫૫૪ | ૧૦૨ | ૮૨૬૫૬ | ૯૧૧૬૨ | ૧૦૬ | ૯૧૨૬૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૮૬ | ૩,૨૬,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૧૪૪ | ૧૧,૪૪,૦૦૦/- |

# જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર શ્રાવણ માસના પવિત્ર તહેવારોને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ સા.નાઓની સુચના મુજબ સર્વે.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના તથા બીજા સ્ટાફના માણસો તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ ઉપરોકત કામગીરી સારૂ પો.સ્ટે વિસ્તારમાં કલાક.૧૩/૦૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા કલાક.૧૪/૧૦ વાગે નવા નરોડા શ્રી રામ ચોક પાસે આવતા સાથેના અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ નાઓને ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે " **શ્રી રામ ચોક ધરણીધર બંગ્લોઝ ની પાસે નિલકંઠ રો-હાઉસ મ.નં-સી/૧૧૯,ઉપર આવેલ મકાન માં મકાન ના કબ્જેદાર મોનુભાઇ ગંદર્ભસિંહ ભદોરીયા નાઓ પોતાના આર્થીક ફાયદા સારૂ બહારથી કેટલાક ઇસમોને પોતાના ઘરે જુગાર રમવા સારૂ બોલાવી ભેગા કરી પોત-પોતાના અંગત આર્થિક ફાયદા સારૂ પૈસા પાનાથી નાંણાની હારજીતનો તીન-પતીનો જુગાર રમી રમાડે છે.અને હાલમાં ઉપરોક્ત જગ્યાએ જુગારનો અખાડો ચાલુ છે** " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તેમજ પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા નિલકંઠ રો-હાઉસ મ.નં-સી/૧૧૯,માં રેઇડ કરી જુગાર રમતા સાત આરોપીઓને જુગાર રમવાના સાધનો અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૮,૫૩૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૭૦૦/-તથા નાળ ના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૦,૨૩૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.૦૦/૦૦ તથા મો.ફોન નંગ-૦૫ કુલ્લે કિ.રૂ.૨૧,૫૦૦/- સાથે મળી કુલ્લે કિ.રૂ.૩૧,૭૩૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે ક.૧૬/૦૦ વાગે પકડી પાડી જુગાર નો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૨૮/૦૮/૨૦૨૧

## આરોપીઓના નામ

(૧)મોનુભાઇ સ/ઓ ગંદર્ભસિંહ જાતે ભદોરીયા ઉ.વ.૪૫ રહે-મ.નં-૯/કલ્યાણનગર સોસાયટી સરદાર ચોક પાસે કૃષ્ણનગર અમદાવાદ શહેર+૦૬=૦૭

## મુદ્દામાલ :-

જુગાર રમવાના સાધનો અંગઝડતી ના રોકડા નાંણા રૂ.૮,૫૩૦/-તથા દાવ ઉપરથી મળેલ નાંણા રૂ.૭૦૦/-તથા નાળ ના નાંણા રૂ.૧,૦૦૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૦,૨૩૦/-તથા ગંજીપાના નંગ-૫૨ કિ.રૂ.00/00 તથા મો.ફોન નંગ-૦૫ કુલ્લે કિ.રૂ.૨૧,૫૦૦/-સાથે મળી કુલ્લે કિ.રૂ.૩૧,૭૩૦/-ના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેના સ્ટાફના માણસો અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતીભાઇ બ.નં-૭૦૭૮ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં-૭૫૫૫ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ તથા બીજા સ્ટાફના માણસો



# પાસા અટકાયતની વિગત

## એરપોર્ટ પોલીસ સ્ટેશન (૧)

## એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં તથા સરદારનગર પો.સ્ટેમાં ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, સાહેબ અ'વાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન,સા અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશન ની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે આરોપી વિજય ઉર્ફે વિજ્જુ સ/ઓ સુરેશગીરી ગોસ્વામી નાઓ વિરુધ્ધ તા-૦૪/૦૭/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પો.સ્ટે પાર્ટ સી ગુ ર નં-C-11191046210726/2021 મુજબનો ગુનો નોંધાતા સદરી આરોપીના ગુનાહિત ઇતિહાસ બાબતે ઇ-ગુજકોપમાં તથા પોકેટ કોપમાં ચકાસણી કરતા સદરી આરોપી વિરુધ્ધ સરદારનગર પો.સ્ટેમાં પો.સ્ટે પાર્ટ સી ગુ ર નં- પાર્ટ C-11191040203209/2020 તા-૨૩/૦૮/૨૦૨૦ ના રોજ ગુનો પણ નોંધાયેલ હોય અને સદરી આરોપી સરદારનગર પો.સ્ટેના ગુનામાં નાસતો ફરતો હોય જેથી સદરી બાબતે સરદારનગર પો.સ્ટે ખાતે સંપર્ક કરી આરોપી સરદારનગર પો.સ્ટેના ગુનામાં આગોતરા જામીન મુક્ત થયેલ હોય જેથી આરોપીના યોગ્ય જામીન મેળવી સદરી બંન્ને ગુનાઓના કેસ પેપરો મેળવી સદરી આરોપી વિરુધ્ધ એરપોર્ટ પો.ઇન્સ આર.આર.દેસાઇનાઓ દ્વારા પુરતા પુરાવાઓ એકઠા કરી મે.પો. કમિસાશ્રીનાઓની કચેરી ખાતે સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવવામાં આવતા જે પાસા દરખાસ્ત ના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઇ મે.પો.કમિ સા.શ્રી અ,વાદ શહેરનાઓએ સદરી આરોપી વિરુધ્ધ પાસા હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૪૪૮/૨૦૨૧ તા-૨૮/૦૭/૨૦૨૧ થી મધ્યસ્થ જેલ ભુજનો પાસા હુકમ કરતા આરોપીને મધ્યસ્થ જેલ ભુજ ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરી પ્રશંસનીય કામગિરી કરેલ છે.

## આરોપીનું નામ:

વિજય ઉર્ફે વિજ્જુ સ/ઓ સુરેશગીરી ગોસ્વામી ઉવ. ૨૮, ધધો: છુટક મજુરી રહે. બ્લોક ન. યુ મ.ન. ૧૦૬ પ્રથમ માળ પડીત દિન દયાલ આવાસ યોજના વિવેકાનદ નગર હાથીજણ તા; દસકોઇ,જી.અમદાવાદ તથા સૈજ્પુર ટાવર નવી ચાલ બંગ્લા એરીયા કુબેરનગર અમદાવાદ શહેર

## આરોપીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ

(૧) સરદારનગર પો.સ્ટે પાર્ટ સી.ગુ.ર નં-11191040203209/2020 તા-૨૩/૦૮/૨૦૨૦ મુદ્દામાલ-૧૭૧ બોટલ ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ જે પૈકી ૧૩૭ બોટલ-૧૮૦ મીલીની તથા બિયર નંગ-૩૪ તથા મોબાઇલ-૧ મળીકુલ્લે કિ રૂ-૨૨૧૦૦/-ની મત્તાનો મુદ્દામાલ
(૨) એરપોર્ટ પો.સ્ટે પાર્ટ સી ગુ ર નં-C-11191046210726/2021 તા-૦૪/૦૭/૨૦૨૧ મુદ્દામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બિયર નંગ મળી કુલ્લે-૭૭૦, કિ રૂ-૧,૦૧,૧૮૦ તથા સ્કોડા ગાડી કિ રૂ-૨૦૦૦૦૦/- તથા રોકડ રૂ-૪૦૦ તથા મોબાઇલ નં-૧ કિ રૂ-૫૦૦૦ મળી કુલ્લે કિ રૂ-૩,૦૬,૫૮૦ ની મત્તાનો મુદ્દામાલ

## પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :

અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ, પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ, પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ.

**આરોપીનો ફોટો**



## એરપોર્ટ પોલીસ સ્ટેશન (૨)

# એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં ભારતીય બનાવટના વિદેશી દારુના ગુનામાં પકડાયેલ આરોપીની પાસા હેઠળ અટકાયત કરતી એરપોર્ટ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, સાહેબ અ'વાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,'જી' ડીવીઝન,સા અમદાવાદ શહેરનાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં પ્રોહીબિશનની પ્રવૃતીને અટકાવવા તથા પ્રોહીબિશન ની પ્રવૃતીમાં સંડોવાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે આરોપી હાર્દીક સ/ઓ ચંદ્રાકાંત પંડ્યા નાઓ વિરુધ્ધ તા-૦૪/૦૭/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પો.સ્ટે પાર્ટ સી ગુ ર નં-C-11191046210726/2021 મુજબનો ગુનો નોંધાતા સદરી આરોપીના ગુનાહિત ઇતિહાસ બાબતે ઇ-ગુજકોપમાં તથા પોકેટ કોપમાં ચકાસણી કરતા સદરી આરોપી વિરુધ્ધ નરોડા પો.સ્ટે પ્રોહી-૫૧૭૯/૨૦૧૮ તથા પ્રોહી ગુ.ર નં-૫૨૩૪/૨૦૧૮ મુજબના ગુનોઓ પણ અગાઉ નોંધાયેલ હોય આમ આરોપી ગુનાહિત માનસિકતા ધરાવતા હોય સદરી આરોપી વિરુધ્ધ એરપોર્ટ પો.ઇન્સ આર.આર.દેસાઇનાઓ દ્વારા એરપોર્ટ પો.સ્ટેના ગુનાના પુરતા પુરાવાઓ એકઠા કરી મે.પો. કમિસાશ્રીનાઓની કચેરી ખાતે સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત પાઠવવામાં આવતા જે પાસા દરખાસ્ત ના દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લઇ મે.પો.કમિ સા.શ્રી અ,વાદ શહેરનાઓએ સદરી આરોપી વિરુધ્ધ પાસા હુકમ ક્રમાંક-PCB/DTN/PASA/૪૪૯/૨૦૨૧ તા-૨૮/૦૭/૨૦૨૧ થી મધ્યસ્થ જેલ રાજકોટનો પાસા હુકમ કરતા આરોપીને મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે કેદ રહેવા મોકલી આપવા તજવીજ કરી પ્રશંસનીય કામગિરી કરેલ છે.

## આરોપીનું નામ:

હાર્દીક સ/ઓ ચંદ્રાકાંત પંડ્યા ઉવ. ૩૪ ધંન્ધો: રી.ડ્રા. રહે. એ/૮ મન-૪૦૪ સ્વામી નારાયણ ફ્લેટ ,હરી દર્શન ચાર રસ્તા પાસે નવા નરોડા અમદાવાદ શહેર

## આરોપીઓ વિરુધ્ધ દાખલ થયેલ ગુનાઓ

(૧) એરપોર્ટ પો.સ્ટે પાર્ટ સી ગુ ર નં-C-11191046210726/2021 તા-૦૪/૦૭/૨૦૨૧ મુદ્દામાલ ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની મોટી બોટલ તથા બિયર નંગ મળી કુલ્લે-૭૭૦, કિ રૂ-૧,૦૧,૧૮૦ તથા સ્કોડા ગાડી કિ રૂ-૨૦૦૦૦૦/- તથા રોકડ રૂ-૪૦૦ તથા મોબાઇલ નં-૧ કિ રૂ-૫૦૦૦ મળી કુલ્લે કિ રૂ-૩,૦૬,૫૮૦ ની મત્તાનો મુદ્દામાલ

## <u>પાસા દરખાસ્તની કામગીરી કરનાર કર્મચારી :</u>

અ.હે.કો મનુભાઇ ડાહ્યાભાઇ, પો.કો વિષ્ણુભાઇ પ્રેમજીભાઇ, પો.કો વિશ્વજીતસિંહ બળવંતસિંહ.

**<u>આરોપીનો ફોટો</u>**



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૬૯/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૯૧ કેસ કરી, ૮૫ વ્યક્તિઓને ઝડપી, ૨૩૯ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩,૫૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૦/૨૦૨૧

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૩૭૧/૨૦૨૧

**નવરંગપુરાઃ** અંકિતભાઇ રાજેશભાઇ શાહ (ઉ.વ.૩૯) (રહે. પ્રેરણા વિરાજ-૨, ચંદન પાર્ટી પ્લોટ પાસે, જોધપુર ગામ સેટેલાઇટ) એ તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૧ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન નવરંગપુરા બસ સ્ટોપ સામે નવરંગ સુપર માર્કેટ સ્પેસ કોમ્યુનીકેશન ખાતેથી આરોપી ઋત્વીક અનીલકુમાર બદ્દા (રહે. કેશવપાર્ક સોસાયટી, સ્વામિનારાયણ મંદીર પાસે, નરોડા) કેમેરાનુ વધુ ભાડું આપવાની લાલચ આપી વિશ્વાસમાં લઇ અંકિતભાઇ શાહ પાસેથી તથા અંકિતભાઇ શાહના મિત્રો પાસેથી કેમેરા લઇ જઈ કેમેરાના ભાડા પેટે નીકળતા રૂપિયા ૪૫,૦૦૦/- અને કેમેરા કિમત રૂપિયા ૩,૭૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૨૧,૦૦૦/- નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

**ઓઢવઃ** સીમાબહેન દિલીપભાઇ સેજાણી (ઉ.વ.૩૧) (રહે. મહાવીરબાગ સોસાયટી અર્બુદાનગર ઓઢવ) એ તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૦૯/૨૦૨૦ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશ્વીનકુમાર પરસોત્તમદાસ પટેલ (રહે.અંબાજીનગર જી.આઇ.ડી.સી.જ્યુપીટર પાસે વડોદરા) સીમાબહેન સેજાણી નાઓની મારૂતી સુઝુકી સ્વીફ્ટ ડીઝાયર ગાડી નંબર જીજે ૦૧ એચટી ૮૨૦૬ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- તથા સીમાબહેન સેજાણીના બહેનની મારૂતિ સુઝુકી ઇકો ગાડી નંબર જીજે ૦૧ એફટી ૬૪૬૩ કિમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- બન્ને ગાડીઓ ભાડા કરાર કરાવી ભાડાથી ચલાવવા સારૂ લઇ જઇ બંને ગાડીનુ બે માસનુ ભાડું આપી વિશ્વાસમાં લઇ ત્યારબાદ આજદિન સુધી બન્ને ગાડીઓનુ ભાડું નહી આપી તેમજ ગાડીઓ પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૨/૨૦૨૧</u>**

**ઓઢવઃ** દિલીપકુમાર હસમુખભાઇ પટેલ (રહે. શુભ લાભ ફ્લેટ, દુર્ગાપાર્ક સામે હરીદર્શન ચોકડી નવા નરોડા) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૭/૨૦૨૧ રાતના ૮/૦૦ થી તા.૨૮/૦૭/૨૦૨૧ કલાક ૯/૪૫ વાગ્યા દરમ્યાન ઓઢવ ગામ વી.કે.કોમ્પલેક્ષ ખાતે આવેલ પોતાની ઓફીસના શટરનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઓફીસમાં પ્રવેશ કરી સી.સી.ટી.વી.નુ ડી.વી.આર, હાર્ડડીસ્ક અને ઓફીસના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૧,૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૮૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આર.ઝાલા ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૩/૨૦૨૧</u>**

**નિકોલઃ** દશરથભાઇ ગોપાલભાઇ ચૌધરી (રહે. રુદ્રાક્ષ ફ્લેટ હરીદર્શન નિકોલ રોડ નવા નરોડા) એ તા.૨૨/૦૭/૨૦૨૧ કલાક ૧૦/૩૦ વાગે નિકોલ એસ.પી.રીંગ રોડ કિયા શો-રૂમ સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી અજાણી વ્યક્તિ પર્સની ચોરી કરી લઈ ગઈ હતી. જે પર્સમાં રોકડ રૂપિયા ૧,૩૫,૦૦૦/- તેમજ જરૂરી દસ્તાવેઝ તથા પરચુરણ કાગળો હતા. આ અંગેની ફરીયાદ દશરથભાઇ ચૌધરીએ તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ **નિકોલ** પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.સથવારા ચલાવે છે.

**ઓઢવઃ** ભરતભાઇ મોહનભાઇ પટેલ (રહે. મનહર ડુપ્લેક્ષ તક્ષશિલા સ્કુલ રોડ વસ્ત્રાલ) એ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૦૭/૨૦૨૧ કલાક ૯/૦૦ થી ૯/૧૫ વાગ્યા દરમ્યાન ઓઢવ રાજેન્દ્ર પાર્ક રોડ ગીતા-ગૌરી સિનેમા પાસે મધુરમ પાર્ક ખાતે ઉમિયા એન્ટરપ્રાઇઝ નામની બિલ્ડીંગ મટીરીયલની દુકાનમાંથી મોબાઈલ ફોન નંગ-૨ કિમત રૂપિયા ૭૫૦૦/- અને દુકાનના કાઉન્ટર ટેબલના ડ્રોઅરમાંથી રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૫૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પરમાર ચલાવે છે.

**ઈસનપુરઃ** અનિલભાઇ પોપટભાઇ સાટોડીયા (ઉ.વ.૫૫) (રહે. મહાકાળી એપાર્ટમેન્ટ મનહર પ્લોટ સેરી નંબર-૭ એ રાજકોટ) એ તા.૨૮/૦૭/૨૦૨૧ ના રોજ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૦/૦૭/૨૦૨૧ ના રોજ પોતાની ગાડી ચલાવી સુરતથી અમદાવાદ આવતા હતા ત્યારે સુરત કામરેજ ચોકડીથી અમદાવાદ આવવા બે પુરૂષોએ જણાવતા અનિલભાઈ આ પુરૂષોને ગાડીમાં બેસાડી અમદાવાદ લઈ આવ્યા હતા અને તેઓને નારોલ બી.આર.ટી.એસ.બસ સ્ટેશન ઉતાર્યા હતા. ત્યારબાદ અનિલભાઈ સાટોડીયાએ ગાડીના ડેશ બોર્ડમાં મુકેલ રિવોલ્વર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અને પાંચ જીવતા કારતુસ નંગ-૫ કિમત રૂપિયા ૧,૦૦૦/- જણાઈ આવેલ ન હોઈ આ બન્ને પુરૂષોએ ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.જે.લકુમ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૩૭૪/૨૦૨૧**

સોલા હાઈકોર્ટઃ બાબુભાઈ હરજીભાઈ ચાવડા (ઉ.વ.૩૦) (રહે. સંતરોહિતનગર અર્બુદાનગરની બાજુમાં ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૧ બપોરના ૩/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જીતુભા દલપતસિહ ચલાવે છે.

ગુજરાત યુનિવર્સિટીઃ રમેશભાઇ ઇશ્વરભાઇ ભાટી (ઉ.વ.૨૦) (રહે. મોડા દેવાનો વાસ ગુલબાઇ ટેકરા) એ અગમ્ય કારણસર તા.૨૭/૦૭/૨૦૨૧ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે લોખંડની ગ્રીલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ગુજરાત યુનિવર્સિટી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઈ.પરમાર ચલાવે છે.

**નવરંગપુરાઃ** નવરંગપુરા વિસ્તારમાં મોતીલાલ પાર્ક ખાતે ઘરઘાટી તરીકે નોકરી કરતા અને મકાન માલીકના ઘરે જ રહેતા લક્ષ્મી ડો/ઓ સોમાજી કલાસવા (ઉ.વ.૧૮) (મુળવતન. ગૈગજીધારા તાલુકો-જોતરી, જિલ્લો-ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૧ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે નવરંગપુરા રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નવરંગપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એલ.એન.સાંસલા ચલાવે છે.

ખોખરાઃ સોનલબહેન વા/ઓ ચેતનભાઉ ઉર્ફે કિરણભાઇ રાવળ (ઉ.વ.૩૧) (રહે. સત્યનારાયાણ રો-હાઉસ જશોદાનગર કેનાલ પાસે જશોદાનગર) એ અગમ્ય કારણસર તા.૨૮/૦૭/૨૦૨૧ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને મણીનગર સરદાર પટેલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૨/૪૮ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એસ.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી